Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 8, Issue 3, December 2022
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)

# આધુનિક ગઝલકાર આદિલની ગઝલમાં પ્રકૃતિસંવેદના

**ડો. રામભાઈ રામ**
આચાર્યશ્રી,
ઈનોવેટિવ આર્ટ્સ અને કોમર્સ કોલેજ ખોરાસા (ગીર)
જિ. ગીર સોમનાથ

આદિલ મન્સૂરીએ એકલતા,શૂન્યતા, ખાલીપા જેવાં વિષયો પર પણ જેમ લખ્યું છે એ રીતે પ્રકૃત્તિનાં પણ એટલાંજ ચાહક બની રહયાં છે. તેમણે પવન,ચાંદ, ચાંદની ,તારા, સૂરજ,દરિયો, વરસાદ, રાત–જેવાં સનાતન વિષયો ઉપર પણ આખી ગઝલ લખી છે. અહીં તેનાં એક–એક ઉદાહરણથી તેનો આસ્વાદ કરીએ. કવિએ પવન વિશે ખૂબ જ સુંદર કલ્પના કરી છે. રોજ સવારે બાગમાં પવન ડોકીયું કરી જાય છે અને સાથોસાથ ફૂલોની સુંગધની ચોરી કરી જાય છે અને આ પવન તો સૂક્ષ્મ દેહે વિસરે છે તેનો સાક્ષાત્કાર થઈ શકતો નથી. માત્ર અનુભવી જ શકાય છે છતાં જો આપણી દ્રષ્ટિ વિકાસ પામે તો આપણે પવનને પણ જોઈ શકીએ છીએ :

"વહેલી સવારે બાગમાં ડોકાઈ છે પવન,
ખુશ્બૂની રોજ ચોરી કરી જાય છે પવન,
બીજી તો કોઈ રીતથી જોઈ નહી શકો,
દ્રષ્ટિ વિકાસ પામે તો દેખાય છે પવન"

તો આ પવન ફૂલોની સાથે તો સતત વાત કરતો જ રહે છે. આ પવન કહે છે કે ભરવસંતે ખરી જવાની મજા ઔર જ હોય છે. પાનખરમાં તો સૌ ખરી પડે છે. પરંતુ ભરવસંત હોય અને એમાં ખરવું એ વાત જ કાંઈક જુદી છે. અહીં પવન ફૂલોનાં કાનમાં આ વાત કરે છે એવું કવિ કલ્પે છે :

"ફૂલનાં કાનમાં કહે છે પવન,
ભરવંસંતે ખરી જવાની મજા."

તો તેમની ચાંદની વિશેની ગઝલ પણ રોચક બની રહે છે. તેઓ કહે છે કે આ ચાંદ દુનિયાનાં અંધકારને રોજ રાત્રે ધોતો ફરે છે પરંતુ તે પોતાનાં દિલના દાગને જોતો નથી. આ બળતી ધરા ઉપર ઠંડી ચાંદની વરસે છે પણ સાથો સાથ બરફની જેમ નભ ઉપર ચાંદ ઓગળતો જાય છે. અહીં કવિએ સરસ કલ્પના કરી છે.

"દુનિયાના અંધકારને ધોતો ફરે છે ચાંદ,
પોતાનાં દિલના દાગ ને કયારે જુએ છે ચાંદ"
"વરસે છે ઠંડી ચાંદની બળતી ધરા ઉપર,
'આદિલ' બરફની જેમ નભે ઓગળે ચાંદ"

તો ચાંદની વિશે પણ કવિએ સરસ કલ્પનો આપ્યાં છે. ચાંદનીનો આ વિસ્તાર કેવો છે તો કવિ કહે છે કે ચાંદની ધીરે ધીરે વિસ્તરતી જાય છે અને વિસ્તરવાની સાથો સાથ તે રાતને પણ પાગલ કરતી જાય છે. તો તે રાતભર સૂમસામ રસ્તાઓ ઉપર એકલી ફર્યા કરે છે. જાણે સમગ્ર સૃષ્ટિમાં તેનું સામ્રાજય ફેલાઈ ગયું હોય તેમ તે વટથી બધે ફરે છે :

"ધીરે ધીરે વિસ્તરે છે ચાંદની,
રાતને પાગલ કરે છે ચાંદની,

રાતભર સૂમસામ રસ્તાઓ ઉપર,
એકલી ફરતી રહે છે ચાંદની"

તો આ ચાંદનીને કવિ બીજી રીતે પણ મૂલવે છે. સાગરનાં ભૂરા ભેજમાં ભીંસાતી ચાંદની કાંઈક જુદી જ લાગે છે. તે વધારે નિખરી આવે છે. તો વળી, રેતીમાં આ ચાંદની સૂર્ય સ્પર્શથી સુકાય જાય છે. આ ચાંદનીની મહેક પવનમાં થીજી ગઈ છે તો વળી સમયનાં કાળા હાથમાં ચાંદની કરમાય જાય છે. આમ, અહીં કવિએ ચાંદનીનાં જુદાં જુદાં રૂપો કલ્પયા છે. :

"સાગરના ભૂરા ભેજમાં ભીંજાય ચાંદની,
રેતીમાં સૂર્ય સ્પર્શથી સુકાય ચાંદની,
થીજી ગઈ છે મહેક પવનનાં શરીરમાં,
કાળા સમયનાં હાથમાં કરમાય ચાંદની"

તો આ કવિએ તારા વિશે પણ પોતાના વિચારો,કલ્પના રજૂ કર્યા છે. આ તારાઓ સેંકડો વર્ષોથી આકાશે બળે છે અને તે રાંતના અંધારને ધોવાની કોશિશ કરે છે. તો વળી આ તારાઓ એટલાં તો ઈર્ષાખોર છે કે ચાંદ સાથે વાદળોને ગેલ કરતાં જોઈ શકતા નથી અને ઈર્ષાની આગમાં સળગી મરે છે. અહીં કવિએ સુન્દર કલ્પન પ્રયોજયું છે.

"સેંકડો વર્ષોથી આકાશે બળે છે તારલા,
રાતનાં અંધારને ધોવા મથે છે તારલા,
ચાંદ સાથે વાદળોને ગેલ કરતાં જોઈને,
આગમાં ઈર્ષા તણી સળગી મરે છે તારલા"

તો કવિ પ્રકૃતિનાં એટલાં ચાહક છે કે તે વરસાદને તો કઈ રીતે ભૂલે ! વરસાદમાં કેટલી માદકતા સંતાયેલી હોય છે અને આથી જ વરસાદના આવતાં આ સમગ્ર સૃષ્ટિ ઝૂમી ઊઠે છે. પરંતુ આજનો સંવેદનહીન માણસ તેને પામી શકતો નથી અને આથી જ કવિ કહી ઊઠે છે કે એક તુંજ એવી છે કે તને આ વરસાદની કંઈ જ અસર થાતી નથી. આ કવિ તેની પ્રિયતમાને કહે છે અને સાથોસાથ કહે છે કે બાકી દરિયાને નદી ભેટવા ઉછળે છે. આ વરસાદમાં પણ તને કંઈ જ થતું નથી અને આ વરસાદથી બચવાના ગમે તેટલાં પ્રયત્નો કરો છતાં પણ છેવટે હવા તેમાં પલળી જાય છે. :

"કેટલી માદકતા સંતાઈ હતી વરસાદમાં ?
મસ્ત થઈ સૃષ્ટિ બધી ઝૂમી ઊઠી વરસાદમાં
એક તું છે કે તને કંઈ પણ નથી થાતી અસર,

ભેટવા દરિયાને ઊછળે છે નદી વરસાદમાં"

તો આ કવિને વરસાદમાં ભીંજાવાનો પણ એટલો જ શોખ છે અને આથી જ કવિ ઈચ્છે છે કે આજે આ વરસાદ રોકાય નહીં તો સારું તો ઘર સુધી પરળતા જવાનો આનંદ આવે.

આજ રોકાય નહી આ વરસાદ
ઘર સુધી ચાલ પલળતા જઈએ."

કવિએ વસંતને પણ આ ગઝલમાં એટલી જ મહેકાવી છે તેઓ કહે છે કે આ કંટકને તો વસંતનો શું અનુભવ હોય, તેનો આસવ તો માત્ર ફૂલો જ પી શકે તેમ છે. વસંત એ તો ઋતુઓનો રાજા છે તેનો અનુભવ તો માત્ર તે જ કરી શકેઃ

"કંટકને કયાંથી હોય અનુભવ વસંતનો,
ફૂલોજ માત્ર પી શકે આસવ વસંતનો."

વસંતના આવવાથી એક એક ફૂલ મનમાં મલકવા લાગે છે અને એક બીજાને પૂછે છે કે આજે આ મૌસમમાં કોણ છલકાવા માંડયું છે અને આ મૌસમે, વસંતે તો એવી કમાલ કરી છે કે ફૂલનાં ગાલ લાલલાલ થઈ ગયા છે ફૂલો બધાં જ સુગંધીદાર બની ગયા છે. વસંતનું સામ્રાજય જાણે સમગ્ર સૃષ્ટિ પર પથરાઈ ગયું છે :

"એકેક ફૂલ મનમાં મલકાતું
કોણ મોસમમાં આજ છલકાતું
"ફૂલોનાં લાલ ગાલ તો જો
મોસમોએ કરી કમાલ તો જો."

તો કવિ રાત વિશે સુન્દર કલ્પન કરે છે. આ રાત તો પૂનમનાં ચંદ્રપાશમાં થીજી ગયેલી હતી અને હવે સૂરજની હૂંફ પામીને તે ઓગળવા લાગી છે. અહીં રાતમાંથી દિવસ થવાની સામાન્ય રોજીંદી ઘટનાને કવિએ સુન્દર કલ્પનથી મઢી છે. :

"પૂનમનાં ચંદ્રપાશમાં થીજી ગઈ હતી,
સૂરજની હૂંફ પામી હવે ઓગળે છે રાત."

તો દરિયાનું વર્ણન પણ કવિ આ રીતે કરે છે આ દરિયો જો જરા પણ તરસ્યો થાય તો તે નદીઓની નદીઓ પી જાય છે અને છતાં પણ તેને તૃપ્તિ થતી નથી. અહીં દરિયાનું વિરાટકાય રૂપ દર્શાવ્યું છે :”

"જરાપણ જો તરસ્યો કદી થાય દરિયો,
તો નદીઓની નદીઓ પી જાય દરિયો"

અને આ દરિયો એટલો તો વિરાટ કે ક્ષિતિજ તરફ આંખ માંડીએ તો તે આકાશમાં ભળી જતો હોય એમ લાગે છે. અહીં દરિયાના નિઃસીમપણાની કવિએ વાત કરી છે :

"ક્ષિતિજની તરફ આંખ માંડી જુઓને,
જુઓ ત્યાં ગગનમાં ભળી જાય દરિયો"

તો સૂર્ય વિશે તેઓ વાત કરે છે પીળા સમયનાં એ ઘોડલાં સૂર્યમાં સંતાઈ જાય છે અને રથનાં પૈંડા પણ સૂર્યમાં જ છૂટાં પડી જાય છે અને વળી આ સૂર્ય એવો તો તપ્ત છે કે પવન પળવાર પણ ત્યાં પગ મૂકતાં ડરે છે. ઘૂવડ પણ એવામાં શ્વાસ લઈ શકે તેમ નથી અને ગૂંગળામણ લાગે છે સૂર્યનું આગમન આટલું વેધક છે :

"પીળાં સમયનાં ઘોડલાં સંતાય સૂર્યમાં,

પૈંડાઓ રથના છૂટા પડી જાય સૂર્યમાં,
પગ મૂકતા ડરે અહીં પળવાર પવનપણ
ઘુવડ ન શ્વાસ લઈ શકે, ગૂંગાળાય સૂર્યમાં"

તો સંધ્યાના સૂર્યનું પણ તે વર્ણન કરે છે. સૂર્ય જાણે ત્રાંબાનો થઈ ગયો હોય અને તેની લાલાશથી જ સંધ્યા લાલ–લાલ થઈ જાય છે. જાણે ચારેય બાજુ સૂર્યની લાલીમાં છવાઈ ગઈ છે :

"સંધ્યાની આંખ લાલ–લાલ થૈં રહી,
ત્રાંબાનો સૂર્ય જાણે લસોટાયો ભાંગમાં"

તો આ સૂર્યનો તાપ એટલો ધમધખતો છે કે પ્રકૃતિ કે માણસો તો શું સ્વયં આખું આકાશ બળી ઠીકરું થઈ ગયું છે

"સૂર્યનો તાપ એમ ધખતો ધોમ,
ઠીકરું થઈ ગયું બળીને વ્યોમ"

તો કવિએ અંધારનું પણ એટલીજ સરળ અને વેધક રીતે વર્ણન કર્યુ છે. આ અંધારું પૃથ્વી, દરિયો અને આભ એમ સર્વને સાંકળે છે. આ અંધારું તો સાર્વત્રિક છે. આ અંધારું આભથી નીતરતું છે અને ટીપે–ટીપે ઝરે છે. આમ અંધારા વિશે પણ કવિ સુરુચી પૂર્ણ ઢબે આલેખન કરે છે :

"પૃથ્વી દરિયોને આભ લાગે એક,
સર્વને સાંકળે છે અંધારું
આભથી નીતરે છે અંધારું
ટીપે ટીપે ઝરે છે અંધારું "

તો ઠંડી વધવાની સાથો સાથ વૃક્ષોથી પીળાં, કથ્થઈ,લાલ અને કેસરી જેવાં મબલખ રંગો જમીન પર ખરવા લાગે છે અને ધરતી પર પોતાનો જાદુ પાથરી દેશે :

"ગરમી વધશે ઠંડી વધશે સાથે સાથે વૃક્ષોથી,
પીળા, કથ્થઈ, લાલ, કેસરી, મબલખ રંગો ખરવાના"

અને કવિ કહે છે જ્યાં સુધી દ્રષ્ટિ પહોંચે ત્યાં સુધી બધે જ ઝરણાં અને પ્હાડ વિસ્તરેલાં છે. કુદરતે બધે જ હરિયાળી પાથરી દીધી છે. મનુષ્ય જો તેને માણતાં શીખે તો પામી શકે.

"દૃષ્ટિ પહોંચે ત્યાં સુધી,
ઝરણાં જો પહાડ જો"

અને જ્યારે કવિ ટ્રેનમાં સફર કરતાં હોય છે ત્યારે હૂંફાળો તડકો લીલાછમ મેદાનો પર કેવી રીતે સરે છે તેનું નિરીક્ષણ પણ કરે છે :

"લીલાછમ મેદાન પર તડકો સરે,
એની ઉપમા બધી આ ટ્રેનમાં"

આમ અહીં આદિલ સાહેબે આધુનિકરણ સાથોસાથ પ્રકૃત્તિને પણ એટલી જ માણી છે. તેમણે જુદાં જુદાં પ્રકૃત્તિના આધારો લઈને પોતાની કલ્પના શકિત દ્વારા તેનું સુન્દર નિરૂપણ કર્યુ છે. અહીં પ્રકૃતિને કવિએ સમગ્રરીતે દરેક સંદર્ભમાં પામી છે, માણી છે.